સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં મધ્યાહ્ન ભોજન યોજનામાં મધ્યાહ્ન ભોજન યોજના માટે અમલીકરણો ઉપર દેખરેખ રાખવા માટે અને તેના અસરકારક અમલીકરણ માટે જીલ્લા તથા તાલુકા કક્ષાની સ્ટેયરીંગ-કમ-મોનીટરીંગ સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક મભય/૧૦૨૦૧૦/જીઓઆઇ-૨૪૧/ ર,
સચિવાલય, ગાંધીનગર
તારીખ: 30 /૧૧/૨૦૧૦

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૧/3/૨૦૦૮ના ઠરાવ ક્રમાંક- મભય/૧૦૨૦૦૬/જીઓઆઇ-૪૮/ર.
(૨) શિક્ષણ વિભાગનો તા.૧૧/3/૨૦૦૮ના ઠરાવ ક્રમાંક- મભય/૧૦૨૦૦૬/જીઓઆઇ-૪૮/ર.

કેન્દ્રીય પુરસ્કૃત મધ્યાહ્ન ભોજન યોજના હેઠળ ભારત સરકારશ્રીના તા.૨૦/૯/૨૦૦૬ ના પત્રથી આ અંગે વિગતવાર દિશા સુચનાઓ બહાર પાડવામાં આવી છે. આ દિશા સુચનાઓ અનુસાર મધ્યાહ્ન ભોજન યોજનાનું અસરકારક અમલીકરણ થાય તથા તેના ઉપર દેખરેખ રાખવા માટે જીલ્લા તથા તાલુકા કક્ષાએ સ્ટીયરીંગ-કમ-મોનીટરીંગ સમિતિઓ રચવા માર્ગદર્શક સુચનાઓના અનુસંધાને સંદર્ભ (૧) અને (૨) થી જીલ્લા અને તાલુકા કક્ષાની સ્ટીયરીંગ-કમ-મોનીટરીંગની રચના કરવામાં આવેલ છે.

આથી રાજયની તમામ જીલ્લા તેમજ તાલુકા કક્ષાએ ઉકત ઠરાવોમાં જણાવ્યા પ્રમાણે બિન સરકારી સભ્યોની નિમણુંક કરવાની થાય છે. આ બિન સરકારી સભ્યોની નિમણુંક માટે સર્વે કલેકટરશ્રીઓને જે તે પ્રભારી મંત્રીશ્રીના પરામર્શમાં જીલ્લા/તાલુકા કક્ષાની સ્ટીયરીંગ-કમ-મોનીટરીંગ કમિટીમાં નિમણુંક આપવા માટે સત્તા આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠ રા વ:

આથી પુખ્ત વિચારણાને અંતે રાજયના તમામ જીલ્લાઓ અને તાલુકાઓ કક્ષાની સ્ટીયરીંગ-કમ-મોનીટરીંગ કમિટીમાં બિન-સરકારી સભ્યોની નિમણુંક માટે જે તે જીલ્લાઓ/તાલુકાના પ્રભારી મંત્રીશ્રીઓના પરામર્શમાં કાર્યવાહી કરવા તમામ કલેકટરશ્રીઓને સત્તા સુપરત કરવામાં આવે છે.

આ સમિતિઓની રચના સત્વરે હાથ ધરીને તે અંગે કમિશ્નરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના અને શાળાઓ, ગાંધીનગર કચેરીને તેમજ આ વિભાગને જાણ કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આર.બી. પટેલ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

-- માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી,
-- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી,
-- તમામ માનનીય મંત્રીશ્રીના સચિવશ્રીઓ.
-- તમામ માનનીય રાજય કક્ષાના મંત્રીશ્રીઓના સચિવશ્રીઓ.
-- સચિવાલયના તમામ વિભાગો.
-- જીલ્લા કલેકટરશ્રી, તમામ.
-- મહાનગરપાલિકા કમિશ્નરશ્રી,
-- જીલ્લા વિકાસ અધિકારી (તમામ)
-- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય ,ગાંધીનગર.
-- જીલ્લા પ્રાથમિક શિક્ષણાધીધિરીશ્રીઓ/શાસનાધિકારીશ્રીઓ (તમામ)
(નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ ગુજરાત રાજય,મારફતે)
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
-- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર
-- કમિશ્નરશ્રી, મધ્યાહ્ન ભો.યો. અને શાળાઓ, ગાંધીનગર..
-- શિક્ષણ વિભાગની તમામ શાખાઓ, સચિવાલય, ગાંધીનગર
-- નાયબ સેકશન અધિકારીશ્રી, સિલેકટ ફાઇલ.
-- સિલેકટ ફાઇલ